ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# પંચમહાલ-દાહોદ

મંગળવાર ૧૪ જુલાઇ, ૨૦૨૬ | દાહોદ કાર્યાલય : સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785 | ૧૧

કાચા અને પાકા મકાનોની દીવાલોમાં રહેલી તમામ તિરાડોને માટી કે સિમેન્ટથી પૂરવાની કામગીરી હાથ ધરાઇ

## પંચમહાલમાં ચાંદીપુરા વાયરસના કહેર વચ્ચે વધુ એક માસૂમ બાળકનું મોત થતા મરણઆંક ત્રણ પર પહોંચ્યો



(પ્રતિનિધિ) ગોધરા, તા.13 પંચમહાલ જિલ્લામાં ચાંદીપુરા વાયરસનો પ્રકોપ દિન-પ્રતિદિન વકરી રહ્યો છે ત્યારે ગોધરા તાલુકાના મણિપુર ગામના એક વર્ષના માસૂમ બાળકનું શંકાસ્પદ લક્ષણો સાથે મોત નીપજ્યું છે. આ દુઃખદ ઘટના સાથે જ જિલ્લામાં આ જીવલેણ વાયરસના કારણે જીવ ગુમાવનારા બાળકોની કુલ સંખ્યા ત્રણ પર પહોંચી ગઈ છે. અગાઉ જિલ્લામાં ૨ બાળકોના રિપોર્ટ પોઝીટીવ આવ્યા બાદ મોત થયા હતા. જ્યારે આ ત્રીજા બાળકનું શંકાસ્પદ લક્ષણો સાથે મૃત્યુ નીપજતાં આરોગ્ય વિભાગ દોડતું થયું છે. મણિપુર ગામના મહુડી ફળિયામાં રહેતા આ એક વર્ષના બાળકમાં ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ લક્ષણો જોવા મળ્યા હતા. બાળકની તબિયત વધુ લથડતા તેને તાત્કાલિક સારવાર માટે ગોધરા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યું હતું. જ્યાં તેની અત્યંત ગંભીર સ્થિતિને જોતા તબીબોએ વધુ સઘન સારવાર માટે તાત્કાલિક અમદાવાદની બી.જે. મેડિકલ કોલેજ ખાતે રીફર કર્યું હતું. પરંતુ કમનસીબે, ગંભીર હાલતમાં રહેલું બાળક અમદાવાદ પહોંચે તે પહેલાં જ રસ્તામાં જ કાળનો કોળિયો બની ગયું હતું અને તેણે દમ તોડી દીધો હતો. આરોગ્ય તંત્રની વિવિધ ટીમો દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં સઘન તપાસ કરીને આ જીવલેણ વાયરસ ફેલાવવા માટે મુખ્યત્વે જવાબદાર એવી ૩૦૦ થી વધુ સેન્ડફ્લાય માખીઓને પકડી પાડવામાં આવી છે. આ રોગચાળાના ઉપદ્રવને ડામવા માટે આરોગ્ય વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં મોટા પાયે જંતુનાશક દવાઓનો છંટકાવ અને ફોગિંગ કરવામાં આવી રહ્યું છે. તદ્ઉપરાંત, સેન્ડફ્લાય માખીઓ મુખ્યત્વે કાચા મકાનોની દીવાલોની તિરાડોમાં આશ્રય લેતી હોવાથી, તંત્ર દ્વારા કાચા અને પાકા મકાનોની દીવાલોમાં રહેલી તમામ તિરાડોને માટી કે સિમેન્ટથી પૂરવાની કામગીરી પણ ત્વરિત ગતિએ શરૂ કરી દેવામાં આવી છે.

## કાલોલથી બર્ફાની બાબા અમરનાથના દર્શને ૪૮ યાત્રાળુઓના સંઘ રવાના



કાલોલ : કાલોલ તાલુકાના ડેરોલ ગામના નારણભાઈ પટેલ દ્વારા તેમના અનુભવોને આધારે પાછલા ૨૪ વર્ષોથી દુર્ગમ એવી અમરનાથની યાત્રાનું સફળ આયોજન કરવામાં આવે છે જે યાત્રા પરંપરા મુજબ આ વર્ષે પણ કાલોલ શહેર, કાલોલ, ઉના, ગાંધીનગર, હાલોલ તાલુકાના, ગોધરા તાલુકાના મળીને કુલ ૪૮ યાત્રાળુઓના રજીસ્ટ્રેશન અને શિડ્યુઅલ પ્રમાણે ૧૨/૭/૨૬ ના રોજ સાંજે લક્ઝરી બસ દ્વારા ડેરોલગામ કાલોલ થી પ્રસ્થાન કર્યું હતું

ચોમાસામાં ખુલ્લા ડીપીથી લોકોને જીવનુ જોખમ : તંત્ર બેધ્યાન

## સણસોલીમાં MGVCLના ખુલ્લા વીજ વાયરના કરંટથી રાષ્ટ્રીય પક્ષી મોરનું મોત



(પ્રતિનિધિ) કાલોલ, તા.13 પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના સણસોલી ગામમાં MGVCLની કથિત બેદરકારી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. ગામમાં ખુલ્લા અને જોખમી વીજ વાયરોના સંપર્કમાં આવતા દેશના રાષ્ટ્રીય પક્ષી મોરનું કરુણ મોત નીપજ્યાની ઘટના સામે આવી છે.સ્થાનિકોના જણાવ્યા મુજબ ગામના ટ્રાન્સફોર્મર (ડીપી) વિસ્તારમાં મોર ઘૂસી ગયો હતો. ત્યાં ખુલ્લા વીજ વાયરના સંપર્કમાં આવતા તેને વીજ કરંટ લાગ્યો અને તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. ગ્રામજનોનો આક્ષેપ છે કે ગામમાં લાંબા સમયથી ખુલ્લા અને જોખમી વીજ વાયરો અંગે રજૂઆતો છતાં યોગ્ય કાર્યવાહી કરવામાં આવી નથી. જેના કારણે આજે રાષ્ટ્રીય પક્ષીનો જીવ ગયો છે. ગ્રામજનોના મતે સમયસર વીજ વ્યવસ્થા સુરક્ષિત બનાવવામાં આવી હોત તો આ દુર્ઘટના ટાળી શકાય તેમ હતી. આ ઘટનાને લઈને ગ્રામજનોએ સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસ કરી જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની તેમજ ગામના તમામ ખુલ્લા અને જોખમી વીજ વાયરોને તાત્કાલિક સુરક્ષિત બનાવવાની માંગ કરી છે. ગ્રામજનોનું કહેવું છે કે સમયસર પગલાં નહીં લેવાય તો ભવિષ્યમાં પશુઓ અથવા લોકોના જીવ પણ જોખમમાં મુકાઈ શકે છે

આગ લાગવાની પરિસ્થિતિમાં તાત્કાલિક પ્રતિસાદ કેવી રીતે આપવો તે વિશે તાલીમ

## દાહોદ પાલિકાના ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસિસ વિભાગની વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી




(પ્રતિનિધિ) દાહોદ, તા.13 દાહોદ સરકારી ઈજનેરી કોલેજ, દાહોદના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે આયોજિત ઈન્ડક્શન કાર્યક્રમ અંતર્ગત દાહોદ નગરપાલિકાના ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસિસ વિભાગની શૈક્ષણિક મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાતનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને અગ્નિશામક સેવાઓ, આપત્તિ વ્યવસ્થાપન અને જાહેર સુરક્ષા અંગે વ્યવહારુ જ્ઞાન પ્રદાન કરવાનો હતો.મુલાકાત દરમિયાન ફાયર વિભાગના અધિકારીઓએ વિદ્યાર્થીઓને ફાયર સ્ટેશનની કામગીરી, વિવિધ પ્રકારના અગ્નિશામક સાધનો, ફાયર ટેન્ડર, રેસ્ક્યુ ઉપકરણો તથા ઈમરજન્સી પ્રતિસાદ પ્રણાલી વિશે વિગતવાર માહિતી આપી. ઉપરાંત આગ લાગવાની પરિસ્થિતિમાં તાત્કાલિક પ્રતિસાદ કેવી રીતે આપવો, આગથી બચવાના ઉપાયો તથા સલામતીના નિયમો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને ફાયર ફાઈટિંગ સાધનોનું જીવંત પ્રદર્શન પણ બતાવવામાં આવ્યું, જેને વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક નિહાળ્યું. વિદ્યાર્થીઓએ અધિકારીઓ સાથે પ્રશ્નોત્તરી કરીને ફાયર અને ઈમરજન્સી સેવાઓની કામગીરી અંગે વધુ જાણકારી મેળવી. આ મુલાકાતથી વિદ્યાર્થીઓમાં જાહેર સુરક્ષા પ્રત્યે જાગૃતિ વધવા ઉપરાંત આપત્તિના સમયમાં જવાબદાર નાગરિક તરીકેની ભૂમિકાની સમજ પણ વિકસિત થશે.

## દાહોદ જિલ્લામાં રથયાત્રા સંદર્ભે ટ્રાફિક ડાયવર્ઝન અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ કરાયું

(પ્રતિનિધિ) દાહોદ, તા.13 આગામી તારીખ ૧૬/૦૭/૨૦૨૬ના રોજ દાહોદ શહેરમાં ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રા નીકળનાર છે. આ રથયાત્રા દરમિયાન દાહોદ શહેર તથા જિલ્લાની પ્રજાને રોજિંદી કામગીરીમાં ટ્રાફિકની મુશ્કેલી ન નડે, ટ્રાફિકનું યોગ્ય નિયમન જળવાય અને કાયદો તેમજ વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી જે.એમ. રાવલ દ્વારા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) હેઠળ ટ્રાફિક ડાયવર્ઝનનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ જાહેરનામું તારીખ ૧૬/૦૭/૨૦૨૬ના રોજ સવારે ૦૫:૦૦ વાગ્યાથી રથયાત્રા પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે. જાહેરનામા અનુસાર વિવિધ વિસ્તારો માટે નીચે મુજબ રૂટ ડાયવર્ઝન અમલી રહેશે: દાહોદ શહેર વિસ્તાર માટે ટ્રાફિક નિયમો અને વૈકલ્પિક રૂટઃ એસ.ટી. બસો માટે પ્રતિબંધ અને નવો રૂટઃ જેસાવાડા, ગરબાડા, ખંગેલા, કતવારા અને પીટોલ (એમ.પી.) તરફથી આવતી એસ.ટી. બસોને પડાવ બજાર થઈને સીધા બસ સ્ટેશન પર લાવવા સામે પ્રતિબંધ રહેશે. આ બસોને ગરબાડા ચોકડીથી રાબડાલ, ગોધરા રોડ જકાતનાકાથી પરેલ - વનચેતના ત્રણ રસ્તા (અથવા સતી તોરલ હોટલથી ખરોડ બાયપાસ) થઈને બસ સ્ટેશન લાવવા-લઈ જવાની રહેશે. ખાનગી અને મુસાફર વાહનો પર પ્રતિબંધઃ ખાનગી બસો, જીપ, ટેમ્પા, છકડા જેવા મુસાફરો ભરીને દોડતા તમામ વાહનોને મંડાવાવ સર્કલથી પડાવ સર્કલ, પડાવ સર્કલથી નગરપાલિકા થઈ બિરસાકુંડા સર્કલ સુધી, એમ.જી. રોડ, દોલતગંજ બજાર, ડબગરવાડ વિસ્તાર અને હનુમાન બજાર ખાતે પ્રવેશવા પર પ્રતિબંધ રહેશે.

ગુજરાત મિત્રના અહેવાલની મોટી અસર વેજલપુર ગ્રામ પંચાયત આખરે દોડતી થઈ

## વેજલપુરમાં જર્જરીત મકાનને ઉતારી લેવાની કામગીરી તાત્કાલિક શરૂ



(પ્રતિનિધિ) કાલોલ, તા.13 ગુજરાત મિત્ર માં થોડા દિવસ અગાઉ "વેજલપુરમાં મોટી દુર્ઘટના ટળી - માળી ફળિયામાં જર્જરીત મકાનનો અડધો ભાગ ધરાશાયી, ગામમાં મોતનું જોખમ" શીર્ષક હેઠળ અહેવાલ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. આ અહેવાલમાં વર્ષોથી જીવલેણ હાલતમાં ઉભેલા જર્જરીત મકાન અંગે વહીવટી તંત્રની બેદરકારી સામે ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા હતા. સમાચાર પ્રકાશિત થયા બાદ આખરે વેજલપુર ગ્રામ પંચાયતનું વહીવટી તંત્ર હરકતમાં આવ્યું અને તાત્કાલિક સ્થળ પર પહોંચી જર્જરીત મકાનનું નિરીક્ષણ કર્યું. ત્યારબાદ કોઈ પણ પ્રકારની જાનહાનિ ન સર્જાય તે માટે જોખમી મકાન ઉતારવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.ચોમાસાના વરસાદ બાદ માળી ફળિયામાં આવેલું આ વર્ષો જૂનું મકાન અચાનક ધરાશાયી થતાં સમગ્ર ગામમાં ભયનો માહોલ સર્જાયો હતો. મકાનનો મોટો ભાગ રસ્તા તરફ નમી ગયો હતો અને દિવાલો તથા લાકડાના ટેકાઓ કોઈપણ સમયે તૂટી પડે તેવી સ્થિતિમાં હતા. આ રસ્તેથી રોજ મોટી સંખ્યામાં બાળકો, મહિલાઓ, વૃદ્ધો અને રાહદારીઓ અવરજવર કરતા હોવાથી ગામલોકોમાં ભારે ચિંતા જોવા મળી હતી.ન્યૂઝે આ મુદ્દાને પ્રાથમિકતા આપીને માત્ર ઘટનાના ફોટા જ નહીં પરંતુ ભવિષ્યમાં મોટી જાનહાનિ થવાની શક્યતા, ગ્રામજનોની માંગણી અને વહીવટી તંત્રની બેદરકારીને પણ ઉજાગર કરી હતી. અહેવાલ બાદ ગ્રામજનોમાં પણ ભારે ચર્ચા જાગી હતી અને આખરે તંત્રને કાર્યવાહી કરવાની ફરજ પડી.હાલમાં પંચાયત દ્વારા મકાનનો જોખમી ભાગ ઉતારવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

## દાહોદ ખાતર માટે ખેડૂતોની લાબી લાઈનો Apmc ખાતે ખાતર ડેપો ખાતે ખેડૂતોનું લાબી લાઈનો



દાહોદ : ખેડૂતો કેટલાક દિવસથી યુરીયા ખાતરની તીવ્ર અછતને લઈ રોષમાં વહેલી સવારના ૫ વાગ્યાથી જ ખેડૂતો ખેડૂતો ખાતર મેળવવા માટે લાંબી લાઈનો લગાવી રહ્યા છે દિવસભરની રાહ જોયા બાદ પણ તેમને ખાતર મળતું નથી. ખેડૂતો આખો દિવસ લાઈનમાં ઉભા રહેવા છતાં ખાતર મળતું ન હોવાથી લાચાર બન્યા છે. કેટલાક દિવસથી ખેડૂતો ધક્કા ખાઈ રહા છે જગત ના તાત હાલ વરસાદ થયો બાદ ખેતર મા અનાજ ઓરવાની કામગીરી ને લઈ અને પછી તેમાં ખાતર જોઈતું હોય પોતાના તમામ રોજગાર ધંધા પરિવાર અને દુર દુર થી ભાડા ખર્ચી વહેલી સવારથી લાઈનોમા લાગી જાય છે અને પછી ખાતર ના મળે તો પાછા ખાલી હાથ ઘરે જવું પડે છે સરકાર શ્રી આના માટે વ્યવસ્થા કરાવે તેવી આશાઓ કરી રહ્યા છે

## લીમખેડાની હસ્તેશ્વર સ્કુલમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



(પ્રતિનિધિ) લીમખેડા, તા.13 હસ્તેશ્વર સ્કૂલ લીમખેડા ખાતે માં કે નામ એક પેડ અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો પર્યાવરણ સંરક્ષણ અને વૃક્ષોના મહત્વને ધ્યાનમાં રાખીને "માં કે નામ એક પેડ" અભિયાન અંતર્ગત આજે શ્રી હસ્તેશ્વર સ્કૂલ લીમખેડા ખાતે ભવ્ય વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમનો મુખ્ય હેતુ પ્રકૃતિ પ્રત્યે જાગૃતિ લાવવાનો અને વધુમાં વધુ વૃક્ષોનું સંવર્ધન કરવાનો હતો કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો ઉત્સાહપૂર્વક જોડાયા હતા દરેક ભાગ લેનાર વ્યક્તિએ પોતાની માતાના નામે એક વૃક્ષ વાવીને તેની સંભાળ રાખવાનો સંકલ્પ લીધો હતો આ અવસર પર ઉપસ્થિત સંસ્થા ના મંત્રી ભરતભાઈ ભરવાડ દ્વારા વૃક્ષોના મહત્વ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને પર્યાવરણ સુરક્ષા માટે દરેકે પોતાનો ફાળો આપવો જોઈએ તેવી અપીલ કરવામાં આવી હતી.

એક બાઇક સહિત લાખોની મતાની ચોરીથી લોકોમાં ફફડાટ

## ઝાલોદની સાંઈધામ સોસાયટીમાં એક જ રાતમાં ત્રણ ઘરના તાળાં તૂટયા

(પ્રતિનિધિ) દાહોદ, તા.13 ઝાલોદ નગરની સાંઈધામ સોસાયટીમાં રહેતા સ્મિતાબેન કલ્પેશભાઈ હસમુખભાઈ ડબગર તારીખ ૧૦-૭-૨૦૨૬ ના રોજ પાંચેક વાગ્યે પોતાના ઘરે તાળું મારી પરિવારજનો સાથે બહારગામ ગયા હતા. તે તકનો લાભ લઈ તસ્કરોએ સ્મિતાબેન ડબગર, શૈલેષભાઈ ચીમનભાઈ પરમાર તેમજ ચેતનભાઈ કાળીયાભાઈ કટારા એમ ત્રણેયના બંધ ઘરોને નિશાન બનાવ્યા હતા. અને સ્મિતાબેન કલ્પેશભાઈ ડબગરના બંધ મકાનના દરવાજાનું તાળું તોડી તસ્કરો મકાનમાં પ્રવેશ્યા હતા. અને ઘરની તિજોરીમાં મૂકી રાખેલ કપડાં-લત્તા તેમજ અન્ય ચીજ વસ્તુઓ વેરવિખેર કરી, સોના-રોકડ રૂપિયા ૧,૪૩,૨૦૦/-ની મત્તાનો સાંજે હાથ ફેરો કર્યા બાદ શૈલેષભાઈ ચીમનભાઈ પરમારની દાગીના રોકડ ચેતન ભાઈ કાળિયાભાઈ કટારાના ઘરે પણ હાથફેરો કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. ચેતનભાઈ કાળિયાભાઈ કટારાના ઘરમાંથી કેટલી મત્તા ચોરી ગયા તે તો ઘરધણી ચેતનભાઈ કટારા જ ખબર પડે તેમ છે. હાલ આ સંબંધે ઝાલોદ સાઈ ધામ સોસાયટીમાં રહેતા સ્મિતાબેન કલ્પેશભાઈ હસમુખભાઈ ડબગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા ગુનો નોંધી ડોગ સ્કવોર્ડ તથા એફ એસ એલની મદદની માંગણી કરી આગળની કાર્યવાહી હાથે ધરી છે. ઘરફોડ ચોરી નો બીજો બનાવ દેવગઢ બારીયાના હરિઓમ નગરમાં તસ્કરો ત્રાટક્યાઃ એક બંધ મકાનનાં દરવાજાનું સેન્ટર લોક તોડી તિજોરી માં મુકેલ ૧૦ હજારની રોકડ લઈ ગયા નુ જાણવા મળેલ છે જયારે ત્રીજો બનાવ દેવગઢ બારીયા નગરમાં પોલીસના સઘન રાત્રી પેટ્રોલિંગ વચ્ચે નગરના હરિઓમ નગરમાં ગત તારીખ ૮-૭-૨૦૨૯ના રોજ રાત્રે ત્રાટક્યા હતા અને એક બંધ મકાનનાં મુખ્યદરવાજાનું સેન્ટર લોક તોડી ઘરના મુખ્ય દરવાજા વાટે ઘરમાં પ્રવેશ્યા હતા.અને ઘરમાં મુકેલ તિજોરીમાં રૂપિયા ૧૦ હજાર ની રોકડ ચોરીને લઈ ગયાનું જાણવા મળેલ છે.

લાકડાના સોદાગરો સામે કડક કાનૂની કાર્યવાહી કરવાની માંગ કરી

## સણસોલી સહિત ગ્રામ્ય વિસ્તારોમાં વૃક્ષોનું બેફામ છેદન, તંત્ર ક્યારે જાગશે?

**દિવસ-રાત** કિંમતી વૃક્ષો કાપીને ટ્રેક્ટરોમાં ભરાઈ લઈ જવાતાં હોવા છતાં જવાબદાર તંત્ર કેમ મૌન છે ? લોકચર્ચા



(પ્રતિનિધિ) કાલોલ, તા.13 કાલોલ તાલુકાના સણસોલી, ઝેરનામુવાડા, અંબાલા, કાનોડ, મોકળ સહિતના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી વૃક્ષોનું બેફામ છેદન થતું હોવાના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. દિવસ-રાત કિંમતી વૃક્ષો કાપીને ટ્રેક્ટરોમાં ભરાઈ લઈ જવાતાં હોવા છતાં જવાબદાર તંત્ર દ્વારા અસરકારક કાર્યવાહી ન થતાં ગ્રામજનોમાં ભારે રોષ ફેલાયો છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ લાકડાના સોદાગરો કોઈપણ ભય વિના ખુલ્લેઆમ વૃક્ષો કાપી રહ્યા છે. અનેક વખત ટ્રેક્ટરોમાં ક્ષમતા કરતાં વધુ લાકડું ભરી તેમજ જોખમી રીતે ટ્રેક્ટર પર સવારી બેસાડીને જાહેર માર્ગો પરથી પસાર થતા જોવા મળે છે, જેના કારણે અકસ્માતનો પણ ગંભીર ભય ઉભો થયો છે. ગ્રામજનોનું કહેવું છે કે જો સમયસર આ પ્રવૃત્તિ પર કડક નિયંત્રણ નહીં લાવવામાં આવે તો સમગ્ર વિસ્તારમાં હરિયાળી અને પર્યાવરણને ભારે નુકસાન પહોંચી શકે છે. કિંમતી વૃક્ષોના સતત છેદનથી પર્યાવરણનું સંતુલન પણ જોખમમાં મુકાઈ રહ્યું છે. ગ્રામજનોએ વન વિભાગ, સ્થાનિક પોલીસ અને જિલ્લા તંત્રને તાત્કાલિક તપાસ કરી ગેરકાયદેસર રીતે વૃક્ષોનું છેદન કરતા લાકડાના સોદાગરો સામે કડક કાનૂની કાર્યવાહી કરવાની માંગ કરી છે. સાથે જ ઓવરલોડ અને જોખમી રીતે દોડતા ટ્રેક્ટરો સામે પણ વિશેષ ડ્રાઈવ હાથ ધરવાની માંગ ઉઠી છે. હવે જોવાનું એ રહ્યું કે સંબંધિત તંત્ર આ ગંભીર મામલે ક્યારે હરકતમાં આવે છે અને ગ્રામ્ય વિસ્તારોમાં ચાલી રહેલા વૃક્ષોના બેફામ છેદન પર રોક લગાવવા માટે કડક પગલાં ભરે છે કે નહીં.

## ગોધરા તાલુકાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૧ જુલાઈએ યોજાશે

(પ્રતિનિધિ) ગોધરા, તા.13 ગોધરા(ગ્રામ્ય) તાલુકા માટેનો તાલુકા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ આગામી તા.૨૧ જુલાઈ ૨૦૨૬ ને મંગળવાર રોજ સવારે ૧૧-૦૦ કલાકે યોજાશે. આ તાલુકા કક્ષાના સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ માટે નાગરિકો/અરજદારો/પ્રજાજનોએ તેઓના સેવાકીય, કોર્ટ મેટર, રહેમરાહે નોકરી, પેન્શન, નિતિવિષયક તથા આક્ષેપો કરતી અરજી સિવાયના પ્રશ્ન લેખિતમાં મામલતદાર કચેરી,ગોધરા(ગ્રામ્ય) ખાતે રૂબરૂ અથવા ટપાલ દ્વારા અરજી મારફતે મોકલી આપવાના રહેશે. અરજદારોએ એક અરજીમાં ફક્ત એક જ ફરિયાદ/પ્રશ્ન રજૂ કરવાનો રહેશે. અરજદારોએ પ્રશ્નના કવર તેમજ અરજી ઉપર "તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ" એમ સ્પષ્ટ લખવાનું રહેશે.

દાહોદની લક્ષ્મીનારાયણ ગૌશાળાના રૂમમાંથી

## દેશી હાથ બનાવટની પિસ્ટલ, બે કારતુસ તથા પિસ્ટલ એરગન પકડાયા

રૂપિયા ૩૦,૩૦૦/-ના ગેરકાયદેસર મુદ્દામાલ સાથે લક્ષ્મીનારાયણ મંદિરના પૂજારીની અટકાયત

(પ્રતિનિધિ) દાહોદ, તા.13 દાહોદ લક્ષ્મીનારાયણ મંદિરમાં પૂજાપાઠ કરતા પૂજારીના કબજાના લક્ષ્મીનારાયણ ગૌશાળા ખાતેના રૂમમાં દાહોદ એલસીબી પોલીસે ગઈ કાલે બપોરે ઓચિંતો છાપો મારી રૂમમાંથી દેશી હાથ બનાવટની પિસ્ટલ, બે જીવતા કરતુસ તથા પિસ્ટલ એરગન મળી કુલ રૂપિયા ૩૦,૩૦૦/-ની કુલ કિંમતના ગેર કાયદેસર મુદ્દામાલ પકડી પાડી પૂજા પાઠ કરતા પૂજારીની અટકાયત કર્યાનું સત્તાવાર જાણવા મળ્યું છે. પ્રાપ્ત વિગત અનુસાર દાહોદના હનુમાન બજાર સ્થિત લક્ષ્મીનારાયણ મંદિરમાં રહેતા અને પૂજા પાઠ કરતાં પૂજારી સાધુ માધવદાસ ગુરુ ભારત દાસ સાધુના કબજાના દાહોદના સહકાર નગરની બાજુમાં આવેલ લક્ષ્મીનારાયણ ગૌશાળા ખાતેના રૂમ માં દેશી હાથ બનાવટની પિસ્ટલ કારતુસ તેમજ પિસ્ટલ એરગન વગેરે હોવાની ગુપ્ત માહિતી દાહોદ એલસીબી પોલીસને ખાનગી બાતમીદાર દ્વારા મળી હતી. જે બાતમીને આધારે દાહોદ એલસીબી પોલીસે શહેરના સહકાર નગરની બાજુમાં આવેલ લક્ષ્મીનારાયણ ગૌશાળામાં લક્ષ્મીનારાયણ મંદિરના પૂજારી સાધુ માધવદાસ ગુરુભરત દાસ સાધુના કબજાના રૂમમાં ઓચિંતો આપો માર્યો હતો અને રૂમમાંથી રૂપિયા ૨૦,૦૦૦/-ની કિંમતની દેશી હાથ બનાવટની પિસ્ટલ, રૂપિયા ૩૦૦/-ની કુલ કિંમતના કારતુસ નંગ-૨ તથા રૂપિયા ૧૦,૦૦૦/-ની કિંમતની પિસ્ટલ એરગન મળી કુલ રૂપિયા ૩૦,૩૦૦/-ની કિંમતના ગેરકાયદેસર મુદ્દામાલ સાથે સાધુ માધવદાસની અટકાયત કરવામાં આવી હતી. આ અંગે દાહોદ એલસીબી પોલીસે દાહોદ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં સાધુ માધવદાસ ગુરુ ભરતદાસ સાધુ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા દાહોદ એ ડિવિઝન પોલીસે આ મામલે આર્મ્સ એક્ટ કલમ ૨૫(૧-બી) (એ) મુજબ ગુનો નોંધી આગળની કાર્યવારી હાથ ધરી છે